### મહાવીર જયંતિ, હનુમાન જયંતિ અને ગુડ ફ્રાઇડેની રજાના કારણે બેંકો બંધ

# સળંગ ત્રણ દિવસ બેન્કમાં રજા, પગાર અને પેન્શન નહીં ઉપાડી શકતા લોકો અટવાયા

**મોટી** સંખ્યામાં લોકોએ એટીએમમાંથી રૂપિયા ઉપાડતા ઘણા મશીનો ખાલી થઈ ગયા

**બેંકો** ખુલ્યા બાદ લોકોની મોટી સંખ્યામાં જોવા મળશે, કલાકો સુધી લાઈનમાં ઊભું રહેવું પડશે

(પ્રતિનિધિ) વડોદરા તા.2

સરકારી તેમજ ખાનગી ક્ષેત્રના અનેક કર્મચારીઓનો પગાર દર મહિને એક તારીખની આસપાસ તેમના બેંક ખાતામાં જમા થતો હોય છે. આ સાથે પેન્શનધારકોના ખાતામાં પણ મહિનાના અંતિમ દિવસોમાં પેન્શનની રકમ જમા થતી હોવાથી તેઓ મહિનાની શરૂઆતમાં બેંકમાં જઈ પોતાની જરૂરિયાત મુજબ રકમ ઉપાડી લેતા હોય છે. બેંકો બંધ રહેતા લોકો એટીએમ પર ધસારો બોલાવ્યો હતો અને રૂપિયા ઉપાડી લેવાના કારણે ઘણી બેંકોના એટીએમ ખાલી થઈ ગયા હતા. સામાન્ય રીતે દર મહિને એકથી પાંચ તારીખ વચ્ચે બેંકોમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળતી હોય છે.

પરંતુ માર્ચ મહિનાના અંત અને એપ્રિલ મહિનાની શરૂઆતમાં આવેલી સળંગ ત્રણ દિવસની રજાઓને કારણે આ વખતે લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. પહેલી એપ્રિલે મહાવીર જયંતિ, બીજી એપ્રિલે હનુમાન જયંતિ અને ત્રીજી એપ્રિલે ગુડ ફ્રાઈડેની રજા હોવાના કારણે બેંકો સતત ત્રણ દિવસ બંધ રહી હતી.

આ પરિસ્થિતિમાં ઘણા પેન્શનધારકો અને કર્મચારીઓ પોતાના ખાતામાં જમા થયેલી રકમ હોવા છતાં તેને ઉપાડી શક્યા નહોતા. ખાસ કરીને દૈનિક ખર્ચ માટે રોકડ પર આધાર રાખતા લોકો માટે આ પરિસ્થિતિ વધુ કઠિન બની હતી. અનેક લોકોએ જરૂરી ખર્ચ, દવાઓ અને ઘરગથ્થુ જરૂરિયાતો પૂરી કરવામાં તકલીફનો સામનો કર્યો હતો.

સળંગ રજાઓ પૂર્ણ થયા બાદ બેંકો ખુલતા જ હવે શહેરની વિવિધ શાખાઓ બહાર ગ્રાહકોની લાંબી લાઈનો લાગેલી જોવા મળશે. ભારે ભીડને કારણે ગ્રાહકોને લાંબા સમય સુધી રાહ જોવી પડશે.

ઉપરાંત, સતત ત્રણ દિવસ બેંકો બંધ રહેતા ક્લિયરિંગ પ્રક્રિયા પણ અટવાઈ ગઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. ચેક ક્લિયરિંગ અને અન્ય ટ્રાન્ઝેક્શન સમયસર પૂર્ણ ન થતાં વેપારીઓ અને સામાન્ય લોકો બંનેને અસર પહોંચી હતી. બેંકો બંધ હોવાના કારણે લોકોએ એટીએમ પર આવ્યો હતો અને મશીનમાંથી રૂપિયા ઘણી જગ્યા પર એટીએમ પણ ખાલી થઈ ગયા હતા જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો પણ કરવો પડ્યો હતો.

#### રોકડમાં હપ્તો ચૂકવતા લોકો ઉછીના રૂપિયા લેવા પડ્યા

બેન્કોમાં સતત રજાઓ હોવાને કારણે સામાન્ય લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને લોનના હપ્તા ભરતા ગ્રાહકો માટે પરિસ્થિતિ વધુ કઠિન બની હતી. સમયસર રૂપિયા ઉપાડવામાં અસમર્થ રહેલા ઘણા લોકોએ હપ્તાની રકમ ચૂકવવા માટે મિત્રો, સગા સંબંધીઓ અથવા ઓળખીતાઓ પાસેથી ઉછીના રૂપિયા લેવા પડ્યા હતા. કેટલાક કેસોમાં મોડું ચૂકવવાથી દંડ ભરવાનો ભય પણ લોકોમાં જોવા મળ્યો હતો. બેન્કિંગ સેવાઓ બંધ રહેતા નાણાકીય વ્યવહારો પર સીધી અસર પડી હતી, જેના કારણે ગ્રાહકોમાં અસંતોષ અને ચિંતા વધી હતી.

### રાષ્ટ્રીય નવીનતા પ્લેટફોર્મ પર ઉત્કૃષ્ટ સિદ્ધિ

# MSUની મહિલા પ્રોફેસર અને ટીમે બેંગલુરુ ખાતે ન્યૂ જનરેશન આઈડિયાશન કોન્ટેસ્ટમાં બીજું સ્થાન

**પ્રોફેસર** ડો.અંજલી પટેલની નવીનતા, ઉત્તમ સંશોધન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પ્રત્યેની પ્રતિબદ્ધતા




(પ્રતિનિધિ) વડોદરા,તા.2

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ સાયન્સના રસાયણશાસ્ત્ર વિભાગમાંથી પ્રોફ.ડો.અંજલી પટેલ અને તેમની ટીમ ડો.માર્ગી જોષી અને કવન ચૌહાણએ હિંદુસ્તાન પેટ્રોલિયમ ગ્રીન આરએન્ડડી સેન્ટર, બેંગલોર દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત ન્યુ જનરેશન આઈડિએશન કોન્ટેસ્ટ 2025માં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

આ સ્પર્ધામાં ભારતભરમાંથી 400 કરતાં વધુ પ્રપોઝલ્સ મળ્યા હતા. પ્રથમ તબક્કાની ચકાસણી બાદ માત્ર 150 પ્રપોઝલ્સ બીજા રાઉન્ડ માટે પસંદ થયા હતા. જેમાંથી 50 પ્રપોઝલ્સ ત્રીજા રાઉન્ડ માટે પસંદ થયા. ત્યારબાદ સ્પર્ધા વધુ કઠિન બની અને અંતિમ રાઉન્ડ માટે માત્ર 10 ભાગ લેનારાઓને પસંદ કરવામાં આવ્યા હતા. આ ટોપ 10 ફાઈનલિસ્ટ્સમાં, પ્રોફેસર ડો. અંજલી પટેલ અને તેમની ટીમે મોડીફાઈડ ઝીઓલાઈટ એસ હેટરોજીનીયસ કેટલીસ્ટ્સ ફોર બાયોમાસ વેલોરાયજેસનઃ અ રોડમેપ ટાવર્સ ઈન્ડિયાસ નેટ ઝીરો ગોલ્સ શીર્ષક હેઠળ પીએચ.ડી. અને પોસ્ટ-ડોક્ટરલ કેટેગરીમાં સેકન્ડ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સરળ શબ્દોમાં, નેટ ઝીરો એટલે જેટલા ગ્રીનહાઉસ ગેસ જેમ કે કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણમાં છોડવામાં આવે છે અને જેટલા દૂર કરવામાં આવે છે. તે બંને વચ્ચેનું સંતુલન. ભારતે 2070 સુધી નેટ ઝીરો ઉત્સર્જન હાંસલ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, જે તેના હવામાન પરિવર્તન સામેના પ્રયત્નોને દર્શાવે છે. આ સિદ્ધિ ફરી એકવાર મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા માટે ગૌરવનો વિષય બની છે સાથે જ, પ્રોફેસર ડો. અંજલી પટેલની નવીનતા, ઉત્તમ સંશોધન અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પ્રત્યેની પ્રતિબદ્ધતા પણ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે, જે ભવિષ્યને વધુ સારું અને સુરક્ષિત બનાવવા તરફ મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

# વડોદરા રેલવે સ્ટેશન માસ્તરના બંધ મકાનમાંથી રૂ.54 હજારની મત્તા ચોરી

**સ્ટેશન** માસ્તર મધ્યપ્રદેશ વતનમાં ગયા હતા

**છાણી** જકાતનાકા વિસ્તારમાં આવેલી અંજલી પાર્ક સોસાયટીના મકાનમાં તસ્કરોનો હાથ ફેરો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 01

છાણી જકાતનાકા વિસ્તારમાં રહેતા વડોદરા રેલવે સ્ટેશન માસ્તરના મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા. ત્યારબાદ સોના ચાંદીના દાગીના અને રોકડ મળી રૂપિયા 54 હજારની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. પાડોશી મહિલાએ ચોરી બાબતે જાણ કરતા સ્ટેશન માસ્તરે પરત આવી પોલીસ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના છાણી જકાતનાકા વિસ્તારમાં આવેલ અંજલી પાર્ક સોસાયટીમાં રહેતા અભિષેક મનોહરલાલ શર્મા (ઉ.વ. 36),વડોદરામાં સેન્ટ્રલ રેલવે સ્ટેશન માસ્ટર તરીકે ફરજ બજાવે છે. તેઓએ નોંધાવેલી ફરિયાદ મુજબ 29 માર્ચની રાત્રે તેઓ ઘર બંધ કરી પોતાના મૂળ વતન રતલામ (મધ્યપ્રદેશ) ગયા હતા. દરમિયાન 01 એપ્રિલે બપોરે પડોશી હેતલબેનનો ફોન આવતા તેમને ઘરના તાળાં તૂટેલા હોવાની જાણ થઈ હતી. જેથી તેઓ સાંજે ઘરે પરત ફર્યા બાદ તપાસ કરતા મકાનના મુખ્ય દરવાજાનું લોક તૂટેલું મળ્યું હતું. તેમજ બેડરૂમમાં લોખંડના કબાટ અને અંદરની તિજોરીના તાળાં પણ તોડી નાખેલા હતા. કબાટની અંદરનો સામાન વેરવિખેર હાલતમાં પડેલો હતો. ચોરોએ સોનાનું પેન્ડલ,બાળકોના બે સોનાના બ્રેસલેટ, ચાંદીના કડા તથા પાયલ સહિતના દાગીના તેમજ રોકડ રકમ મળી રૂ. 54 હજારની મત્તા ચોરી કરી હોવાનું માલુમ પડ્યું હતુ. પોલીસે તેમની ફરિયાદના આધારે આસપાસના સીસીટીવી ફૂટેજના ચકાસી તસ્કરોનું પગેરું મેળવવાની તજવીજ હાથ ધરી છે.

### ખાનગી હોસ્પિટલમાં 10 થી 12 લાખનો ખર્ચ ધરાવતી સર્જરી સરકારી હોસ્પિટલમાં નિઃશુલ્ક કરાઈ

# ગોત્રી હોસ્પિટલના તબીબોની મેડિકલ ક્ષેત્રે ‘ગ્રાન્ડ સર્જરી’, કેન્સરની અત્યંત જટિલ ‘વ્હિપલ્સ પ્રોસીજર’ દ્વારા દર્દીને અપાયું નવજીવન

**8 કલાકની** જહેમત બાદ સ્વાદુપિંડની ગાંઠ દૂર કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા. તા.2

વડોદરાની જી.એમ.ઈ.આર.એસ. (GMERS) ગોત્રી મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સર્જરી વિભાગે તબીબી વિજ્ઞાનના સૌથી પડકારજનક ઓપરેશન્સમાનું એક ગણાતું વ્હિપલ્સ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડીને નવો ઈતિહાસ રચ્યો છે. ગંભીર કમળા અને કેન્સરની જીવલેણ ગાંઠ સાથે આવેલા દર્દીને હોસ્પિટલના કુશળ સર્જન્સની ટીમે મોતના મુખમાંથી બહાર લાવી નવજીવન બક્ષ્યું છે.

થોડા દિવસો પૂર્વે એક મધ્યમવર્ગીય દર્દી કમળા અને સતત પેટના દુખાવાની ફરિયાદ સાથે ગોત્રી હોસ્પિટલના ઓપીડીમાં દાખલ થયા હતા. પ્રાથમિક તપાસ અને સીટી સ્કેન રિપોર્ટમાં જાણવા મળ્યું કે, દર્દીને સ્વાદુપિંડના મુખના ભાગે કેન્સરની ગાંઠ છે. આ ગાંઠ એટલી જટિલ જગ્યાએ હતી કે તેણે પિત્તની નળીને સંપૂર્ણ બ્લોક કરી દીધી હતી, જેના કારણે પિત્ત શરીરમાં ફેલાતા દર્દીને કમળો થઈ ગયો હતો. જો સમયસર ઓપરેશન ન થયું હોત તો કેન્સર અન્ય અંગોમાં ફેલાવાની પૂરી શક્યતા હતી.

આ કેન્સર સ્વાદુપિંડ, પિત્ત નળી અને નાના આંતરડાના જોડાણ બિંદુ પાસે થાય છે. આ ભાગ ખૂબ જ સંવેદનશીલ છે કારણ કે અહીંથી જ પાચન માટેના મહત્વના સ્ત્રાવો પસાર થાય છે. જ્યારે સ્વાદુપિંડની ગાંઠ વધે છે, ત્યારે તે બાજુમાંથી પસાર થતી પિત્તની નળીને દબાવે છે. આથી લિવરમાંથી આવતું પિત્ત (Bile) આંતરડા સુધી પહોંચી શકતું નથી અને લોહીમાં ભળે છે, જેના કારણે દર્દીની આંખો અને પેશાબ પીળા પડી જાય છે, જેને ‘ઓબ્સ્ટ્રક્ટિવ જોન્ડિસ’ કહેવાય છે.

આ ઓપરેશનને સર્જરીની દુનિયામાં ‘એવરેસ્ટ સર કરવા’ જેવું ગણવામાં આવે છે. આ સર્જરીમાં માત્ર ગાંઠ જ નહીં, પણ તેની આસપાસના અનેક અંગોના ભાગોને કાઢવા અને ફરી જોડવા પડે છે. સર્જરી દરમિયાન સ્વાદુપિંડનો આગળનો ભાગ, નાના આંતરડાનો શરૂઆતનો ભાગ, પિત્તાશય અને પિત્તની નળીનો અમુક ભાગ દૂર કરવામાં આવે છે. અંગો કાઢ્યા પછી સૌથી અઘરું કામ બાકીના ભાગોને ફરીથી જોડવાનું છે. જેમાં સ્વાદુપિંડને આંતરડા સાથે, પિત્ત નળીને આંતરડા સાથે અને જઠરને આંતરડા સાથે જોડવામાં આવે છે. જો આ જોડાણમાં માઈક્રોસ્કોપિક ભૂલ પણ રહી જાય, તો સ્વાદુપિંડના પાચક રસો શરીરમાં લીક થઈ શકે છે, જે જીવલેણ સાબિત થઈ શકે.

ગોત્રી હોસ્પિટલના સર્જરી વિભાગના નિષ્ણાતો, એનેસ્થેસિયા ટીમ અને નર્સિંગ સ્ટાફની સંયુક્ત ટીમે સતત 8 કલાક સુધી ઓપરેશન થિયેટરમાં જહેમત ઉઠાવી હતી. અત્યાધુનિક સાધનોની મદદથી ગાંઠને સફળતાપૂર્વક દૂર કરવામાં આવી અને તમામ જોડાણો અત્યંત ચોકસાઈપૂર્વક કરવામાં આવ્યા. ઓપરેશન બાદ દર્દીને આઈસીયુમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા હતા અને હવે તેમની તબિયતમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે. ખાનગી કોર્પોરેટ હોસ્પિટલોમાં આ સર્જરીનો ખર્ચ રૂ. 10 લાખથી 12 લાખ સુધીનો થતો હોય છે, જે સામાન્ય પરિવાર માટે અશક્ય હોય છે. આ સફળતા પાછળ સર્જરી વિભાગના વડા, સહાયક પ્રોફેસરો, એનેસ્થેટિસ્ટ અને સમગ્ર સપોર્ટ સ્ટાફની મહેનત રહેલી છે. વડોદરાના આરોગ્ય ક્ષેત્રે આ એક મોટી ઉપલબ્ધિ માનવામાં આવી રહી છે.

# હનુમાન જન્મોત્સવ નિમિત્તે માર્કેટ ચાર રસ્તા પાસે પ્રસાદ વિતરણ




(પ્રતિનિધિ) વડોદરા તા.2

હનુમાન જન્મોત્સવ નિમિત્તે વડોદરાના તમામ હનુમાનજીના મંદિરમાં હનુમાનજીનો ભવ્ય જનોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે વિવિધ જગ્યાઓ પર ભંડારાનું પણ આયોજન કરવામાં આવે છે. ત્યારે વડોદરા શહેરના માર્કેટ મિત્ર મંડળ દ્વારા માર્કેટ ચાર રસ્તા પાસે સાંજે 6 થી 8 વાગ્યા દરમિયાન પ્રસાદ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકોએ પ્રસાદ નો લાભ લીધો હતો.

### પંચમુખી શણગાર અને હોમ-હવનથી વાતાવરણ ભક્તિમય બન્યું

# હનુમાન જન્મોત્સવ નિમિત્તે સુરસાગર સ્થિત ‘હઠીલા હનુમાન’ મંદિરે ભક્તોનું ઘોડાપૂર



(પ્રતિનિધિ), વડોદરા. તા.2

સમગ્ર દેશમાં હનુમાન જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે વડોદરાના ઐતિહાસિક સુરસાગર તળાવના કિનારે બિરાજમાન સુપ્રસિદ્ધ હઠીલા હનુમાનજી મંદિરે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર સમાન આ મંદિરમાં હનુમાન જન્મોત્સવ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

હનુમાન જયંતીના આ પવિત્ર અવસરે હઠીલા હનુમાન દાદાને પંચમુખી હનુમાનજી તરીકે અત્યંત મનમોહક શણગાર કરવામાં આવ્યો હતો. દાદાના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરવા માટે વડોદરાવાસીઓ ઉમટી પડ્યા હતા. મંદિરના પૂજારી દ્વારા વિધિવત પૂજા-અર્ચના બાદ ભક્તો માટે દર્શન ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. હનુમાન જન્મોત્સવની ઉજવણીના ભાગરૂપે સાંજના સમયે મંદિરમાં સુંદરકાંડના પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તેની સાથે જ દર્શનાર્થે આવતા તમામ ભક્તો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

માત્ર સુરસાગર જ નહીં, પરંતુ શહેરના તમામ હનુમાન મંદિરોમાં આજે વહેલી સવારથી જ ‘જય શ્રી રામ’ અને ‘જય હનુમાન’ના નારા ગુંજી રહ્યા છે. ભક્તોની ભીડને ધ્યાનમાં રાખીને મંદિર પ્રશાસન અને પોલીસ દ્વારા સુરક્ષા તેમજ ટ્રાફિક વ્યવસ્થાના ચુસ્ત બંદોબસ્ત પણ કરવામાં આવ્યા હતા. સુરસાગર તળાવની પાળે ભક્તોની લાંબી કતારો જોવા મળતા જાણે સમગ્ર વિસ્તાર કેસરીયા રંગે રંગાયો હોય તેવું પ્રતીત થતું હતું.

# અંકલેશ્વરની પરિણીતાને ત્રાસ આપવા બદલ સાસરિયાઓ સામે ફરિયાદ

**પતિ** નસીમુન્ગાની ઉર્ફે બાબુભાઈ દાયમા સહિત 6 સાસરિયાઓ સામે ભરૂચ મહિલા પોલીસ મથકે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 2

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના સાળંગપુર ગામની મદની નગરમાં રહેતી 26 વર્ષીય પરિણીતાએ પતિ અને સાસરિયાઓ વિરુદ્ધ શારીરિક તથા માનસિક ત્રાસની ફરિયાદ ભરૂચ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ફરિયાદ મુજબ, તેના લગ્ન 24/12/2023 ના રોજ નર્મદા જિલ્લાના લીમડિયા ગામના નસીમ ઉર્ફે બાબુભાઇ દાયમા સાથે થયા હતા. લગ્નના એક મહિના બાદ પતિ તેને સાસરીમાં મૂકી વડોદરા રહેવા જતો રહ્યો હતો.

પરિણીતાના કહેવા મુજબ, પતિ બાળક રાખવા ઈચ્છતો ન હોવાથી ગર્ભ દરમિયાન દવા પીવડાવી તેની તબિયત બગાડી હતી. તેમજ ઈન્સ્ટાગ્રામ પર અન્ય સ્ત્રી સાથેની વાતચીતને કારણે બંને વચ્ચે ઝઘડા થતા રહ્યા. બીજી તરફ, સાસુ-સસરા ઘરકામ બાબતે અપમાનિત કરતા અને ખોટા આક્ષેપો કરતા હતા. પરિવારના અન્ય સભ્યો પણ પતિનો પક્ષ લઈને તેને ત્રાસ આપતા હતા.

આખરે 30/08/2025 ના રોજ પતિ તેને પિયર મૂકી ગયો હતો અને પરત લેવા આવ્યો નહોતો. સમાધાનના પ્રયાસો નિષ્ફળ જતા, 01/04/2026 ના રોજ બી.એન.એસ.ની કલમ 85, 352 અને 54 હેઠળ 6 આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પરિણીતાએ ન્યાયની માંગ સાથે પોલીસ પાસે યોગ્ય કાર્યવાહી કરવાની વિનંતી કરી છે. પોલીસે તમામ આરોપીઓને નોટિસ પાઠવી વધુ પૂછપરછ શરૂ કરી છે અને આવનારા દિવસોમાં કેસમાં વધુ ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### કેમિકલ પ્લાન્ટથી લઈ ઠંડા પાણીના સ્ટોલ સુધી વધ્યો વપરાશ

# અંગદઝાડતી ગરમી વચ્ચે અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં બરફના ઉદ્યોગોમાં તેજી



(પ્રતિનિધિ) અંકલેશ્વર તા.2

ભરૂચ જિલ્લામાં ગરમીનો પારો સરેરાશ 36 ડિગ્રી આસપાસ પહોંચતા અંકલેશ્વર પંથકમાં ઉનાળાની તીવ્ર અસર અનુભવાઈ રહી છે. વધતી ગરમી વચ્ચે અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં બરફની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે અને આગામી દિવસોમાં બરફની કટોકટી સર્જાય તેવી શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે.

એપ્રિલ મહિનાની શરૂઆતથી જ જાણે સૂર્યદેવ અગનગોળા વરસાવી રહ્યા હોય તેમ ગરમી સતત વધી રહી છે. અંગદઝાડતી ગરમીને કારણે લોકો બિનજરૂરી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. બીજી તરફ ગરમી વધતા ઔદ્યોગિક તેમજ શહેરસ્તરે બરફની માંગમાં વધારો નોંધાયો છે.

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં ૧૫૦૦થી વધુ નાના-મોટા ઔદ્યોગિક એકમો કાર્યરત છે. ફાર્મા, ડાઈઝ અને ઈન્ટરમીડીયેટ સહિતના કેમિકલ પ્લાન્ટોમાં જ્વલનશીલ કેમિકલનું તાપમાન નિયંત્રિત રાખવા બરફનો વ્યાપક ઉપયોગ થતો હોય છે. ગરમી વધતા આ પ્લાન્ટોમાં બરફની માંગ વધુ થઈ છે. ઉપરાંત શહેરમાં ઉભા થતા ઠંડા પાણી અને શરબતના સ્ટોલમાં પણ બરફનો વપરાશ વધતા બજારમાં તેજીનો માહોલ સર્જાયો છે.

ગત વર્ષોની તુલનામાં હવે અનેક કેમિકલ એકમો ચિલિંગ પ્લાન્ટ તરફ વળતા બરફના ઉદ્યોગ પર તેની અસર જોવા મળી રહી છે. લગભગ 10 થી 15 વર્ષ પહેલા ઉનાળામાં વધતી માંગને પહોંચી વળવા બરફ ફેક્ટરીના સંચાલકો સુરત અને ભરૂચથી બરફ મંગાવતા હતા, પરંતુ હાલ ઉદ્યોગક્ષેત્રમાં આવેલી મંદીની અસરથી પરિસ્થિતિ બદલાઈ છે.


બરફના વ્યવસાય સાથે જોડાયેલા ઉદ્યોગપતિઓના જણાવ્યા મુજબ દર વર્ષે ઉનાળામાં બરફની માંગ વધે છે, પરંતુ વધતા તાપમાનને કારણે ઉત્પાદન પ્રક્રિયા પર અસર પડે છે. ઉપરાંત ઉનાળામાં વારંવાર થતા વિજ કાપ પણ બરફ ઉદ્યોગ માટે પડકારરૂપ બની રહ્યા છે.

એક અંદાજ મુજબ અંકલેશ્વર-પાનોલી ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી આશરે 20 બરફ ફેક્ટરીઓમાંથી રોજના લગભગ 5 હજાર ટન જેટલું બરફ ઉત્પાદન કરવામાં આવે છે. આગામી દિવસોમાં ગરમીનો પારો વધુ ચઢે તો બરફના વેપારમાં વધુ તેજી જોવા મળે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

### ઓટિઝમ માટે જાગૃતિથી આગળ વધીને સ્વીકાર અને સહભાગિતાની જરૂર

# વહેલી ઓળખ અને વહેલો હસ્તક્ષેપ બાળકોના ભવિષ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ

**ઓટિઝમ** મર્યાદા નહીં, પરંતુ દુનિયાને સમજવાની એક અલગ રીતઃ ડો. મેઘા છાસાટિયા




(પ્રતિનિધિ) વડોદરા તા.2

દર વર્ષે ૨ એપ્રિલે ઉજવાતા વિશ્વ ઓટિઝમ જાગૃતિ દિવસ નિમિત્તે પેડિયાટ્રિક ઓક્યુપેશનલ થેરાપિસ્ટ ડૉ. મેઘા છાસાટિયાએ જણાવ્યું હતું કે ઓટિઝમ અંગે માત્ર જાગૃતિ પૂરતી નથી, પરંતુ સમજ, સ્વીકાર અને સહકાર તરફ આગળ વધવું સમયની જરૂરિયાત છે. ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ASD) એક ન્યુરોડેવલપમેન્ટલ સ્થિતિ છે, જે બાળકના સંચાર, સામાજિક પરસ્પરક્રિયા, વર્તન અને સંવેદનાત્મક પ્રક્રિયા પર અસર કરે છે.

તેમણે જણાવ્યું કે ઘણા માતા-પિતાઓ માટે આ સફર નાની ચિંતાઓથી શરૂ થાય છે, જેમ કે બાળક નામ બોલાવતાં પ્રતિસાદ ન આપે, આંખોનો સંપર્ક ટાળે, બોલવામાં વિલંબ થાય અથવા એકસરખું વર્તન વારંવાર કરે. આવા લક્ષણો દેખાય તો તરત નિષ્ણાતની સલાહ લેવી જરૂરી છે, કારણ કે વહેલી ઓળખ અને વહેલો હસ્તક્ષેપ લાંબા ગાળે નોંધપાત્ર સુધારો લાવી શકે છે.

સેન્સરી ઈન્ટિગ્રેશન થેરાપી ઓટિઝમ ધરાવતા બાળકો માટે ખૂબ અસરકારક સાબિત થાય છે. સાથે સાથે દૈનિક જીવન કૌશલ્યો જેમ કે ખાવું, કપડાં પહેરવું, લખવું અને શાળામાં ભાગ લેવો જેવી બાબતોમાં સ્વતંત્રતા વિકસાવવી બાળકના આત્મવિશ્વાસ માટે અત્યંત જરૂરી છે.

ડૉ. છાસાટિયાએ જણાવ્યું કે થેરાપી બાળકને બદલવા માટે નહીં પરંતુ તેને વધુ સક્ષમ બનાવવા માટે હોય છે. માતા-પિતાની સક્રિય ભાગીદારીથી થેરાપી વધુ અસરકારક બને છે અને ઘરેલુ વાતાવરણમાં પણ સકારાત્મક ફેરફારો જોવા મળે છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે ઓટિઝમ કોઈ માતા-પિતાની ભૂલ કે ખોરાક અથવા પર્યાવરણના કારણે થતું નથી, પરંતુ મગજની વિકાસ પ્રક્રિયાથી જોડાયેલી ન્યુરોલોજિકલ સ્થિતિ છે. સમાજ અને શાળાઓએ પણ સમાવેશી શિક્ષણ પદ્ધતિ અપનાવી આવા બાળકોને સમાન તક આપવી જરૂરી છે.

ધ સ્ટેપિંગસ્ટોન પેડિયાટ્રિક રિહેબિલિટેશન સેન્ટર, કુડાસણ, ગાંધીનગર ખાતે દરેક બાળક માટે વ્યક્તિગત અને વૈજ્ઞાનિક આધારિત થેરાપી યોજનાઓ તૈયાર કરવામાં આવે છે. યોગ્ય સહાય, સમજ અને સ્વીકાર સાથે ઓટિઝમ ધરાવતા બાળકો પોતાની અનોખી રીતે સફળ બની શકે છે.

# માંજલપુરમાં વૃદ્ધાના ગળામાંથી અછોડો તોડી મહિલા રફુચક્કર


(પ્રતિનિધિ) વડોદરા તા.2

માંજલપુર વિસ્તારમાં આવેલા હનુમાનજીના મંદિરે દર્શન કરવા ગયેલું વૃદ્ધ મહિલા ના ગળામાંથી સોનાનો અછોડો તોડીને મહિલા ભાગી ગઈ હતી. પોલીસે આ મહિલાની શોધ ખોળ શરૂ કરી છે.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં સરસ્વતી પેટ્રોલ પંપ પાસે આવેલા હનુમાનજીના મંદિરે હનુમાન જયંતિના પાવન દિવસે ચોરીની ઘટના સામે આવી છે. દર્શન માટે આવેલી એક વૃદ્ધ મહિલાને નિશાન બનાવી અજાણી મહિલા દ્વારા ગળામાં પહેરેલો અછોડો તોડી ફરાર થઈ જવાની ઘટના બનતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. મંદિરે હનુમાન જયંતિના અવસરે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. જેના કારણે ભારે ભીડનો લાભ લઈ મહિલાએ આ ઘટના અંજામ આપ્યો હતો. ભીડ વચ્ચે આરોપી મહિલા ઝડપથી ભાગી છૂટતા વૃદ્ધા ને જાણ તેમણે બૂમરાણ મચાવી હતી.

### દીદીજીના આશીર્વચનથી પ્રેરિત બન્યા વનવાસી યુવાનો: માનવ પ્રતિષ્ઠા કેન્દ્રમાં દીક્ષાંત સમારોહ યોજાયો

# “દીક્ષાનો અંત નહીં, પરંતુ પ્રભુ કાર્યની શરૂઆત” : દીદીજીનો યુવાનોને સંદેશ



(પ્રતિનિધિ) વડોદરા તા.2

માનવ પ્રતિષ્ઠા કેન્દ્ર, થુવાવી ખાતે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ વિદ્યાર્થીઓ માટે ભવ્ય પ્રમાણપત્ર વિતરણ સમારોહ યોજાયો હતો. ભગવાન યોગેશ્વરની કૃપા અને પરમ પૂજનીય દાદાજીના આશીર્વાદથી ચાલતા આ કેન્દ્રમાં દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલા વનવાસી યુવાનોને જીવનલક્ષી તેમજ જીવિકાલક્ષી શિક્ષણ આપવામાં આવે છે. સમારોહમાં પૂજનીય દીદીજીના પવિત્ર આગમનથી સમગ્ર વાતાવરણ ઉત્સાહ અને આધ્યાત્મિક ઉર્જાથી ઓતપ્રોત બની ગયું હતું.

વિદ્યાર્થીઓએ એક વર્ષના સંસ્કારમય ઘડતરના પરિપાકરૂપે શિસ્તબદ્ધ રીતે પ્રમાણપત્ર પ્રાપ્ત કરી પોતાના જીવનના નવા અધ્યાયની શરૂઆત કરી.

પૂજનીય દીદીજીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું કે “દીક્ષાંતનો અર્થ દીક્ષાનો અંત નથી, પરંતુ સમાજસેવાના કાર્યની શરૂઆત છે.” તેમણે યુવાનોને જીવનમાં સદ-અસદ વિવેકબુદ્ધિ જાગૃત રાખવા અને ખરાબ વિચાર, ખરાબ સંગત તથા દબાણોથી દૂર રહેવાની પ્રેરણા આપી.

તેમણે જણાવ્યું કે આજના સમયમાં સૌથી મોટી શોકાંતિકા એ છે કે “માણસને માણસથી જ સંરક્ષણ જોઈએ છે,” પરંતુ આપણે ક્યારેય એકલા નથી–ભગવાન હંમેશા આપણી સાથે છે અને દરેક માનવી આપણો દૈવી ભાઈ છે. તેમણે આત્મનિરીક્ષણ અને આત્મપરિક્ષણ દ્વારા જીવનમાં સંકલ્પ સિદ્ધિ મેળવવા આત્મશાસન અને સંયમના મહત્વ પર ભાર મૂક્યો.

પૂજનીય દીદીજીએ જણાવ્યું કે માનવ પ્રતિષ્ઠા કેન્દ્રમાં વિદ્યાર્થીઓ માત્ર વ્યવસાયિક કુશળતા જ નહીં, પરંતુ આધ્યાત્મિક મૂલ્યો, સંસ્કાર અને શિસ્ત પણ શીખે છે. “I can earn my bread” જેવી આત્મનિર્ભરતા સાથે તેઓ સમાજમાં ઉતરી સકારાત્મક પરિવર્તન લાવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો. સમારોહ દરમિયાન વિદ્યાર્થીઓએ પરમ પૂજનીય દાદાજીને પ્રણામ કરી પ્રમાણપત્ર સ્વીકાર્યા અને પૂજનીય દીદીજીને નમન કરીને આ પળને જીવનભરની યાદગાર બનાવી. સમગ્ર કાર્યક્રમ માનવ પ્રતિષ્ઠા કેન્દ્રના આત્મવિશ્વાસ, સંસ્કાર અને દૈવી ભ્રાતૃભાવ જેવા મૂલ્યોને વધુ મજબૂત બનાવતો રહ્યો.